## સંક્ષિપ્ત સમાચાર

### પંડોળીમાં મેડિસિનલ હર્બ્સ તેમજ એસનસ્યલ ઓઇલ મેનુફેક્ચરિંગ યુનિટની મુલાકાત લીધી



**પેટલાદ** | પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા પેટલાદ તેમજ આસપાસના ગામોમાં વસ્તા ઉદ્યોગ સાહસિકો દ્વારા ચાલવતા ઉદ્યમ-એકમોની મુલાકાતના માસિક કાર્યક્રમ અંતર્ગત પંડોળી ખાતે નિલ શાહ દ્વારા ચલાવાતા મેડિસિનલ હર્બ્સ તેમજ એસનસ્યલ ઓઇલ મેનુફેક્ચરિંગ યુનિટની મુલાકાત પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના સભ્યોના એક ડેલિગેશન દ્વારા યોજવામાં આવી હતી. પેટલાદ અને પેટલાદ આસપાસના ગામોમાં રહી ઉચ્ચ ગુણવત્તા તેમજ પ્રોફેશનલ રીતે ચાલવતા ઉદ્યોગ -વેપારીઓ એક બીજા સાથે પરિચય થાય તેમજ નવા ઉદ્યોગ સાહસિકોને પ્રેરણા મળે અને પેટલાદ આસપાસના ઉદ્યોગ-વેપારને પ્રોત્સાહન આપવાના હેતુથી પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા એક શરૂઆત કરવામાં આવી હતી.

### નડિયાદ ભીડભંજન હનુમાનજી મંદિરે દીકરીઓને પાણીપુરી ખવડાવવામાં આવી



**નડિયાદ** | શહેરના નવા બસ સ્ટેન્ડ પાસે આવેલા ભીડભંજન હનુમાનજી મંદિર ખાતે ગૌરીવ્રત કરતી દીકરીને બેસાડીને પાણીપુરી ખવડાવવામાં આવી હતી. જેમાં મંદિરના વ્યવસ્થાપક અશોક પંચાલ તથા આમંત્રિત મહેમાનો ઋષિભાઈ ગૌસ્વામી-અશોકભાઈ ગજ્જરના હસ્તે વિતરણ કરવામાં આવી હતી અને દીકરીઓએ ખૂબ આનંદથી ગૌરીવ્રતના ઉપવાસ છોડી પાણીપુરી ખાઈ આનંદની લાગણી અનુભવી હતી. આ મંદિર 140 વર્ષ જૂનું મંદિર છે જે મંદિરમાં અવનવી સામાજિક સેવાઓ ચાલતી આવી રહી છે.

### સ્પેક એમ.બી.એ દ્વારા એ.આઈ ટૂલ્સના ઉપયોગ પર એક્સપર્ટ ટોક યોજાયો



**આણંદ** | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ-એમબીએમાં ત્રીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે 'યુઝ ઓફ એ.આઈ ટૂલ્સ ઇન પ્રોજેક્ટ રિપોર્ટ્સ' પર ડો.યજ્ઞેશ દલવાડી સર (પ્રોફેસર અને હેડ,પીજી ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ સ્ટડીઝ, સરદાર પટેલ યુનિવર્સિટી) દ્વારા નિષ્ણાત વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ રિપોર્ટની ગુણવત્તા વધારવા માટે વિવિધ એ.આઈ ટૂલ્સ અને એપ્લિકેશનોનો ઉપયોગ કેવી રીતે કરવો તે માટે માહિતગાર કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમનું આયોજન આઈ.ક્યુ.એ.સી કોર્ડીનેટર પ્રો.નૈતિક રામી,ડો.મયુર રાવ તથા સર્વે સ્ટાફગણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ ચેરમેન ગિરીશ પટેલે અભિનંદન પાઠવ્યાં હતાં.

### નડિયાદની સેન્ટ અર્સલ્લા સ્કૂલમાં મૂલ્યલક્ષી કેરિયર ગાઈડન્સ સેમિનાર યોજાયો



**નડિયાદ** | નડિયાદની સેન્ટ અર્સલ્લા ઇંગ્લીશ મીડિયમ સ્કૂલ ખાતે મૂલ્યલક્ષી કેરિયર ગાઈડન્સ સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં આચાર્યા સિસ્ટર લુઈસાએ વક્તા શૈલેષ રાઠોડ અને ડો. પ્રીતિ રાઠોડનું સન્માન કર્યું હતું. ધો. 10 અને 12 પછીના અભ્યાસક્રમોની પસંદગી કઈ રીતે કરવી? કેરિયર માટે ટ્રેન્ડિંગ કોર્ષ કયા? કઈ કઈ એન્ટરન્સ પરીક્ષાઓ ક્યા કોર્ષ માટે જરૂરી?કઈ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી શકાય? આર્ટસ, સાયન્સ અને કોમર્સ પછીની કેરિયર માટેની તકો.વિદેશમાં કારકિર્દી સહીત તમામ પાસાઓની માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને ડો. પ્રીતિ રાઠોડે કારકિર્દી ઘડતર અને અભ્સયાક્રમ પસંદગીની ઉંમરમાં મોબાઈલનું વલગણ, વ્યસનો અને વિજાતીય આકર્ષણ અંગે વિષદ સમજ આપી મૂલ્યો થકી કારકિર્દી ઘડતરના સોપાનો સમજાવ્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં દબદબો ધરાવતી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ચૂંટણી યોજાઇ

# KDCCમાં ચેરમેન, વા. ચેરમેન બિનહરિફ ચૂંટાયાં

**બેંકના ચેરમેન** તરીકે તેજસભાઈ પટેલ અને વાઇસ ચેરમેન તરીકે રાજેન્દ્રસિંહ પરમારની પક્ષ દ્વારા પસંદગી કરાઈ



(પ્રતિનિધિ) નડિયાદ. તા.31
બૃહદ ખેડા જિલ્લામાં અને સહકારી માળખામાં દબદબો ધરાવતી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં પ્રથમ ટર્મમા ચૂંટાઈ આવેલ ચેરમેન અને વાઈસ ચેરમેનનો અઢી વર્ષનો કાર્યકાળ પુરો થતાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં બન્ને હોદ્દેદારો પુનઃ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.

ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન અને વાઇસ ચેરમેન પદની ચૂંટણી બેંકના સભાગૃહમાં યોજાઈ હતી. જેમાં ચેરમેન તરીકે તેજસભાઈ પટેલ અને વાઇસ ચેરમેન તરીકે રાજેન્દ્રસિંહ પરમાર સતત બીજી વખત બિન હરીફ ચૂંટાઈ આવ્યા છે. આ બેન્કના અઢી વર્ષની મુદત માટે ચેરમેન અને વાઈસ ચેરમેન પદ માટે નાયબ કલેકટરના અધ્યક્ષ સ્થાને ચૂંટણી યોજાઈ હતી . ચૂંટણી પ્રક્રિયા શરૂ થતાં અગાઉ નડિયાદના ધારાસભ્ય અને વિધાનસભાના પૂર્વ મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ મેન્ડેટ લઈને બેંક ખાતે પહોંચ્યા હતા.

ભાજપ સમર્પિત બેંકના સભ્યો સમક્ષ બંધ કવર ખોલી બેંકના ચેરમેન તરીકે ફરી એક વખત તેજસભાઈ પટેલ અને વાઇસ ચેરમેન તરીકે રાજેન્દ્રસિંહ પરમારની પક્ષ દ્વારા પસંદગી કરી હોવાની જાહેરાત કરી હતી.

બેંકના ચેરમેન પદ માટે તેજસભાઈ પટેલ અનેવાઇસ ચેરમેન પદ માટે રાજેન્દ્રસિંહ પરમારે વિધિવત ફોર્મ ભર્યા હતા . દરમિયાન સમય મર્યાદામાં આ બંને પદ માટે બીજા અન્ય કોઈ ફોર્મ ભરાયા ન હતા . જેથી ચૂંટણી અધિકારી નાયબ કલેકટરે બેંકના ચેરમેન તરીકે તેજસભાઈ પટેલ અને વાઇસ ચેરમેન તરીકે રાજેન્દ્રસિંહ પરમારને બિનહરીફ વિજેતા જાહેર કર્યા હતા.

ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં હાલ બે હજાર કરોડનું ટર્ન ઓવર છે. જે ગ્રામિણ ક્ષેત્રે સારીએવી નામના ધરાવે છે.

### બિનહરીફ ચુંટાયેલ ચેરમેન વાઇસ ચેરમેનને આગેવાનોએ અભિનંદન પાઠવ્યા

ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન વાઇસ ચેરમેન માટે યોજાયેલી ચૂંટણીમાં બિનહરીફ ચુંટાયેલ બંન્ને હોદ્દેદારોને વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ, વિધાનસભાના નાયબ દંડક રમણભાઈ સોલંકી, નડિયાદ ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ, મહુધા ધારાસભ્ય સંજયસિંહ મહિડા સહિતના ધારાસભ્યો ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ અજયભાઈ બ્રહ્મભટ્ટ, આણંદ જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ પટેલ, અમૂલ ચેરમેન વિપુલભાઈ પટેલ, સીઇઓ અરવિંદભાઈ ઠક્કર તેમજ ખેડા, આણંદ અને મહીસાગર જિલ્લાના ધારાસભ્યો સહિતના ભાજપ અગ્રણીઓ, સહકારી ક્ષેત્રના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

### સૌના સાથ સહકારથી સફળતાના નવા શિખરો સર કરી શકાશે : તેજશભાઈ પટેલ ચેરમેન

બેન્કના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી દરમિયાન બીજી વખત બિનહરીફ ચૂંટાયા પછી ચેરમેન તેજસભાઈ પટેલે જણાવ્યું હતું કે,બેંકના વિકાસ માટે સંનિષ્ઠ પ્રયાસો, સખત મહેનત અને પ્રમાણિક નિર્ણયોમાં સૌના સાથ સહકારથી સફળતાના નવા શિખરોસર કરી શકાશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કરૂ છું

# બોરસદમાં ઉજ્જવલા યોજનામાં લાભાર્થીને પડતી ભારે હાલાકી

**સિનીયર સીટીઝનના** ફિંગર પ્રિન્ટ 12 થી 14 ટકા જેટલા આવતો હોય જે માન્ય રહેતા નથી

**ગેસ એજન્સીઓમાં** ફિંગર પ્રિન્ટની જગ્યાએ મોબાઈલ ઓટીપી માન્ય રાખવા માંગ

(પ્રતિનિધિ) બોરસદ, તા.31
બોરસદ શહેર સહિત સમગ્ર તાલુકામાં પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના અંતર્ગત લાભ લેવામાં લાભાર્થીઓને હાલાકી વેઠવી પડે છે. આધારકાર્ડના ફિંગર પ્રિન્ટની જગ્યાએ મોબાઈલ ઓટીપી માન્ય રાખવા એજન્સીઓ પાસે લાભાર્થીઓ ધ્વારા માંગણી કરવામાં આવી છે.

પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના અંતર્ગત લાભાર્થીઓને ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે ફિંગર પ્રિન્ટનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. યોજના માટે મોટે ભાગે લાભાર્થીઓની સંખ્યામાં વધારે લાભાર્થીઓ સિનીયર સીટીઝન હોય છે. વયોવૃધ્ધ લાભાર્થીઓના ફિંગર પ્રિન્ટ આવતા નથી. જેના કારણે અપડેટ માટે આધાર સેન્ટરો પર મોકલવામાં આવે છે. પરંતુ સિનીયર સીટીઝનના ફિંગર 12 થી 14 ટકા જેટલા આવતો હોય જે માન્ય રહેતા નથી. જેના કારણે બોરસદ શહેર અને સમગ્ર તાલુકામાં મોટીભાગના લાભાર્થીઓ પ્રધાનમંત્રી ઉજ્વલા યોજનાથી વંચિત રહેવુ પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

આણંદમાં ડિઝીટલ ઈન્ડીયા અંતર્ગત વિવિધ યોજના ઓનલાઈન કરવામાં આવી છે. પરંતુ ખાટલે મોટી ખોડ એ છે કે, વારંવાર સર્વર ડાઉન કે ટેકનિકલ ખામીના કારણે લાભાર્થીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હોય છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના ઉપરાંત રેશનકાર્ડમાં પણ વારંવાર સર્વર ડાઉન રહેતા હોવાની પણ ફરિયાદો સાંભળવા મળતી રહે છે.

### ઓટીપી કે આઈ ચેક સિસ્ટમ લાગુ કરવા માંગ

આવી વિકટ સ્થિતિમાં ફિંગર પ્રિન્ટની જગ્યાએ મોબાઈલ ઓટીપી સિસ્ટમ અથવા તો આઈ ચેક સિસ્ટમ તમામ એજન્સીઓમાં લાગુ કરવામાં આવે તેવી લોકોમાં માંગણી ઉઠી હતી. આવી સ્થિતિ રેશનીંગની દુકાનો પર પણ સર્જાય છે. જેના કારણે લાભાર્થીઓને રેશનકાર્ડ મળતું નથી. રેશનીંગની દુકાનોમાં પણ મોબાઈલ ઓટીપી અથવા આઈ ચેક સિસ્ટમ લાગુ કરવું જરૂરી છે.

# કર્નલ ફાલનીકરે 200 યુવાનોને આર્મીમાંજોડાવવાપ્રેરણાઆપી

**ચારુસેટમાં કારગિલ** વિજય દિવસના 25 વર્ષની ઉજવણી

(પ્રતિનિધિ) આણંદ તા.31
ચાંગાસ્થિત ચારુસેટ યુનીવર્સીટી સંલગ્ન એનસીસી ચારુસેટ યુનિટ દ્વારા 'Kargil War: Unsung Heroes' શીર્ષક અંતર્ગત કારગિલ વિજય દિવસના 25 વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કારગિલ વિજય દિવસ વિશે પ્રેરણાત્મક પ્રવચન આપવા માટે NCC ચારુસેટ યુનિટ દ્વારા આર્ટિલરીની રેજિમેન્ટના વોર વેટરન કર્નલ વિનોદકુમાર ફાલનીકર (નિવૃત્ત) હાજર રહ્યાં હતાં.

ભારતના જવાનોની બહાદુરીને યાદ કરતા પરંપરાગત શ્લોકોના મંત્રોચ્ચાર સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કર્નલ ફાલનીકરે આર્મીમાં તેમના જીવનના વિવિધ અનુભવો વ્યક્ત કરી ચારુસેટના વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કર્નલ ફાલનીકરે પોતાના પુત્ર અને અન્ય 200 યુવાનોને આર્મીમાં જોડાવવા પ્રેરણા આપી છે. આ કાર્યક્રમમાં 50 એસીસી કેડેટ્સ સાથે 270 વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓએ ભાગ લીધો હતો. ફેકલ્ટી ઓફ હ્યુમેનીટીસના ડીન ડો. ભાસ્કર પંડ્યાએ કર્નલ ફાલનીકરને સ્મૃતિચિહ્ન અર્પણ કરી અભિવાદન કર્યું હતું. એનસીસી ચારુસેટના ડાયરેક્ટર ઓફ સ્પોર્ટ્સ અને કેર ટેકીંગ ઓફિસર ડો. પ્રિતેશ પટેલે અન્ય એક સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું હતું. સીડીટી સ્નેહા રાજપૂતે કર્નલ ફાલનીકરનો સ્કેચ તૈયાર કર્યો હતો જે તેણીએ જાતે બનાવ્યો હતો.

# ખંભાતના 6 ધાર્મિક સ્થળ તોડવા મામલે ઉગ્ર વિરોધ

**નગરપાલિકાના** ચીફ ઓફિસરે ધાર્મિક સ્થળો તોડવા નોટીસ પાઠવતાં વિવિધ સંગઠનોએ નાયબ કલેકટરને આવેદનપત્ર આપ્યું



(પ્રતિનિધિ) ખંભાત, તા.31
ખંભાત પાલિકાના ચીફ ઓફિસર દ્વારા ખોડિયાર માતાજીનું મંદિર, હનુમાનજી મંદિર, હડકાઈ માતાનું મંદિર, ભાથીજી મંદિર સહિત 6 ધાર્મિક સ્થળો તોડવા નોટીસ પાઠવતા જન આક્રોશ જોવા મળ્યો હતો. જેને કારણે અગ્નિ સમાજ ગુજરાત સંગઠન દ્વારા પ્રાંત કચેરી ખાતે નાયબ કલેકટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, તાજેતરમાં સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર જાહેર રસ્તાઓ ઉપર ટીપી સ્કીમ હેઠળ જો કોઈ મંદિર કે મસ્જિદ દબાણમાં આવતી હોય ત્યારે તેને તોડી પાડવાનો હુકમ કરવામાં આવેલ હતો.જેના અનુસંધાને ખંભાત નગરપાલિકા ચીફ ઓફિસર દ્વારા ખંભાતના વિવિધ મંદિરોને નોટીસ આપતા અગ્નિ સમાજ સંગઠન દ્વારા આવેદનપત્ર આપવાનું જાહેર કરાતા રેલવે ફાટક ખોડીયાર મંદિર પાસે યુવાઓ એકઠા થયા હતા.ત્યારબાદ નાયબ કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. હિન્દુ યુવાઓ મંદિર બચાવવા માટે રોડ ઉપર ઉતરી આવ્યા હતા અને વિરોધ કર્યો હતો.મંદિર તોડવા અર્થે નોટીસના વિરોધમાં કોંગ્રેસ પક્ષે પણ સમર્થન જાહેર કર્યું હતું.

### આણંદમાં તુલસી ગરનાળાથી પસાર થતો કાંસ જોખમી બન્યો






આણંદ શહેરના તુલસી ગરનાળાથી પસાર થતો કાંસ ઉપર ચીખોદરા બ્રીજ તરફ જવાના માર્ગ ઉપર વર્ષો જુનું ગરનાળુ આવેલ છે. આ ગરનાળુ છેલ્લા કેટલાંય સમયથી જર્જરીત અને બિસ્માર અવસ્થામાં ફેરવાઈ જવા પામ્યું છે. જો કે, માર્ગ મકાન વિભાગ દ્વારા અહીંયા બોર્ડ પણ મુકવામાં આવેલ છે. પરંતુ આ જર્જરીત નાળા ઉપરથી વાહન ચાલકો તેમજ રાહદારીઓ દિવસ દરમ્યાન પસાર થતા હોય છે. જો કે, કોઈ અકસ્માત કે ગમખ્વાર દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ ?
- **તસ્વીરઃ ફ્રાન્સીસ મેકવાન**

### આણંદ@ 2047 માટે વિઝન ડોક્યુમેન્ટનો વર્કશોપ યોજાયો

(પ્રતિનિધિ) આણંદ, તા.31
આણંદ કલેકટરના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયોજન કચેરી દ્વારા 'વિકસિત આણંદ @ 2047' વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેના માર્ગદર્શન અર્થે આણંદ કલેકટર પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં કલેકટરે ઉપસ્થિત વિવિધ વિભાગોના અધિકારીને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે,'આણંદ જિલ્લાના સર્વાંગી વિકાસ માટે જિલ્લાના અમલીકરણ અધિકારીઓ દ્વારા વર્ષ 2030 અને વર્ષ 2047 સુધી આયોજનને આવરી લઈને વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. આ પ્રસંગે વિવિધ વિભાગના અધિકારીઓએ તેમના ટૂંકા ગાળાના તથા લાંબા ગાળાના આયોજનનું પાવરપોઈન્ટ દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

# આણંદમાં સાત મહિનામાં મેલેરીયા-ડેન્ગ્યુના 21 કેસ મળ્યાં

**આરોગ્ય વિભાગની** 450 ટીમ દ્વારા ડેન્ગ્યુ વિરોધી માસ અંતર્ગત મચ્છર નિયંત્રણ અંગે સર્વે કરાયો

(પ્રતિનિધિ) આણંદ તા.31
આણંદ જિલ્લામાં જાન્યુઆરીથી જુલાઈ માસ સુધી મેલેરીયા અને ડેન્ગ્યુના 21 જેટલા કેસ મળી આવ્યા હતા, જેમાં મેલેરિયાના 5 કેસ મળી આવ્યા હતા, જે બાકરોલ, ભરોડા અને આણંદ શહેરમાંથી મળ્યા હતા, જ્યારે ડેન્ગ્યુના કુલ 16 કેસ મળ્યા હતા, જે આણંદ, પેટલાદ, બોરસદ શહેરી વિસ્તાર, સુણાવ, ફાગણી, દેહવાણ, ચીખોદરા, રાજુપુરા અને અડાસ ગામ ખાતેથી મળ્યાં હતાં. આ અંગે હાલ આરોગ્ય વિભાગે સર્વે સહિતની કામગીરી હાથ ધરી હતી.

આણંદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા દર વર્ષે જુલાઈ માસમાં ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવવામાં આવે છે. જિલ્લા વિકાસ અધિકારી મિલિંદ બાપનાની સૂચના અને માર્ગદર્શન મુજબ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. દિપક પરમાર અને જિલ્લા મેલેરીયા અધિકારી ડો. રાજેશ પટેલના આયોજન હેઠળ આણંદ જિલ્લાના 54 પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને 8 અર્બન આરોગ્ય કેન્દ્ર દ્વારા મેલેરિયા વિરોધી માસની ઉજવણી કરવામાં આવી હતી.

આણંદ આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં 450 જેટલી ટીમો તૈયાર કરવામાં આવી હતી. આ ટીમો દ્વારા 7,35,063 ઘરની તપાસણી કરવામાં આવી હતી. જેમાંથી 7,024 ઘરોમાંથી પોરા મળી આવ્યા હતા. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા 19,26,247 પાત્રો તપાસ કરવામાં આવ્યા હતા, તેમાંથી 7,803 પાત્રોમાં પોરા મળ્યા હતા. આ ઉપરાંત શૈક્ષણિક અને જાહેર સંસ્થાઓમાં પોરાનાશક અને મચ્છર નિયંત્રણ અંગેની કામગીરીનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં 1400થી વધુ શાળા કોલેજ કેમ્પસમાં સર્વે કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત 900થી વધુ ધાર્મિક સ્થળો ખાતે, 330થી વધુ ફેક્ટરીઓ ખાતે, સરકારી કચેરીઓ, 725થી વધુ દવાખાના હોસ્પિટલ કેમ્પસ, 255થી વધુ બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, પોલીસ સ્ટેશન વિસ્તારમાં અને 1040 થી વધુ બાંધકામ સાઈટો ઉપર પોરાનાશક અને મચ્છર નિયંત્રણ કામગીરીનો સર્વે કરવામાં આવ્યો હતો.

મેલેરિયા જનજાગૃતિ કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં 8 જેટલી રેલી યોજવામાં આવી હતી. 315 જેટલા જૂથમાં ચર્ચા કરવામાં આવી, 58 જેટલી શિબિર યોજવામાં આવી, સોશિયલ મીડિયાના માધ્યમથી 650 જેટલા મેસેજ કરીને જનજાગૃતિ ફેલાવવામાં આવી અને 35 હજાર બેનર અને પત્રિકાઓના માધ્યમથી પણ જન જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ ઉપરાંત પોરાનાશકના 30 જેટલા પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.

આ અંગે ડો. દિપક પરમારના જણાવ્યા મુજબ, 98,059 પાત્રમાં દવા નાંખવામાં આવી હતી અને 11,420 પાત્રો નાશ કરવામાં આવ્યા હતા. જ્યારે 589 ઘરોમાં ફોગીંગ કરવામાં આવ્યું હતું અને 406 સ્થળો ખાતે પોરા ભક્ષક માછલી નાખવામાં આવી હતી.

### શંકાસ્પદ ચાંદીપુરાના કેસમાં આરોગ્ય વિભાગ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરાઈ

આણંદ જિલ્લાના પેટલાદ તાલુકામાં ૦૪ વર્ષના બાળકમાં શંકાસ્પદ ચાંદીપુરા ( વાયરલ એનકેફેલાઈટીસ )ના કેસ બાબતે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા યુધ્ધના ધોરણે ચાંદીપુરા વાઈરસ અટકાવવા અંગે અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. જે અન્વયે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, શંકાસ્પદ લક્ષણો ધરાવતો દર્દી હાલ એન.ડી.દેસાઈ હોસ્પિટલ, નડિયાદ ખાતે સારવાર હેઠળ છે, તથા તેના સીરમ અને સી.એસ.એફ. સેમ્પલ તપાસ માટે પુના ખાતે મોકલવામાં આવ્યા છે. વધુમાં આરોગ્યની ટીમો દ્વારા ડસ્ટીંગ, સર્વેલન્સ અને ઘરોની અંદર દવાનો ફોકલ સ્પ્રૈઈંગની કામગીરી પણ કરવામાં આવી છે.